**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૧૨/૨૦૧૪ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૨૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી ૬૦ વ્યક્તિઓને ઝડપી ૨૦૨ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૫,૩૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૨૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણ :- સમાચાર યાદી નં. ૩૧૨૮/૧૪**

**અમરાઇવાડી :** સુખારામ ગોકલજી વણઝારા (રહે.ગામઃ ભખરી, તા.પરબતસર, જી.નાગોર રાજસ્થાન) એ તા.૨૫/૧૨/૧૪ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૪ ના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી માયાબહેન મહેશભાઇ વણઝારા (ઉ.વ.૧૯) એ તેના પતિ મહેશ અમરસિંહ વણઝારા તથા સાસુ-સસરાના શારીરીક અને માનશીક ત્રાસથી કંટાળી જઇ, શ્રમજીવી વસાહત, રાજેન્દ્ર રોડ અમરાઇવાડી ખાતે સાસરીમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.બી.ચાવડા ચલાવે છે.

**અપહરણઃ- સમાચાર યાદી નં. ૩૧૨૯/૧૪**

**દાણીલીમડા :** રાજેશ્વરીબહેન પ્રવિણભાઇ યાદવ (ઉ.વ.૧૭)(રહે.વિઠ્ઠલનગર સોસાયટી, બાબુનગરની પાસે, દાણીલીમડા) ને તા.૨૪/૧૨/૧૪ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે શકદાર આરોપી રમણભાઇ ભક્તિસિંહ પરમાર (રહે.હરિઓમ ફેક્ટરી, હોકાબાજની ગલી) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રાજેશ્વરીબહેનની માતા વર્ષાબહેન યાદવે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. કે આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં. ૩૧૩૦/૧૪**

**શહેરકોટડા :** અશોકભાઇ શંકરભાઇ પટણી (ઉ.વ.૪૦)(રહે.કાલીકાપાર્ક સોસાયટી, સફેદ ચાલીની બાજુમાં, અનિલ મીલ સામે, શહેરકોટડા) તા.૨૧/૧૨/૧૪ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સળગતાં ચુલા નજીક ઉભા હતા ત્યારે ચુલા ઉપર પડી જતાં શરીરે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૨/૧૪ બપોરનાં ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદ્રસિંહ ભુરાભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં. ૩૧૩૧/૧૪**

**સરખેજ :** ચંદ્રકાંતભાઇ માનસિંગભાઇ પરમાર (રહે.મધુવન સોસાયટી, આઝાદનગર ધોળકા રોડ, સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૨/૧૪ સવારનાં ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના બનેવી મણીલાલ મોટર સાયકલ ચલાવી સરખેજ જુહાપુરા રોડ ઉપર, સરખેજ ઢાળ ચાર રસ્તા પાસેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ટ્રક નં.એમ.એચ.૧૮.એમ.૬૪૭૦ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મણીલાલનાં મોટર સાયકલને ટક્કર મારતાં મણીલાલને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એસ.ઇસરાણી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.